**પ્રશાંત દંડવતે**

સિદ્ધિ કન્સ્ટ્રકશન્સ

**આજ સુધીમાં તેમણે દોઢસોથી વધુ ઈન્ડસ્ટ્રીયલ, કોમર્શિયલ અને ઈન્સ્ટીટ્યુશન પ્રોજેક્ટસ પૂર્ણ કરી પોતાની આગવી ઓળખ ઊભી કરી છે**

# કામમાં પરફેક્શન અમારું ધ્યેય



દંડવતે બંધુઓ સફળ આન્ત્રપ્રેન્યોર્સ છે એમના લોંગ વિઝનથી, કમિટેડ વેલ પ્લાન્ડ ટીમવર્કને લીધે. આપણા શહેર સુરતની વિશિષ્ટ ઐતિહાસિક ઓળખ તો છે જ, એક સમયે અહીં બંદરના વાવટા ફરકતા હતા, અહીંના બંદરેથી દેશ વિદેશમાં વેપાર થતો હતો. આ બધી સિદ્ધિઓ ભલે ભૂતકાળની હોય, પણ સુરતમાં કંઈક તો એવું છે જે, જેની સિદ્ધિ - પ્રસિદ્ધિ બધે છે. અહીંના મૂળ રહેવાસીઓ તો અહીંની શાન છે પણ અહીં આવતા અન્ય પ્રાંતીઓ પણ પોતાની ઓળખ સુરતી તરીકે આપે એનાથી વિશેષ રૂડું શું ? આમ તો સુરત ડાયમંડ હબ તરીકે જાણીતું છે. સાથે જરી, કાપડ, ટેકસટાઈલ ઉદ્યોગ પણ અહીંના એટલા જ જાણીતા છે. આ બધી ઓળખ વચ્ચે સુરત સતત વિકાસ પામતું શહેર છે. એની હદનું વિસ્તરણ થતાં તથા આઉટર રિંગરોડની નવી ડિઝાઈન તૈયાર થતાં અહીં વિકાસનો વેગ સતત રહ્યો છે.

સુરતના વિકાસમાં ઘણાંનો અનેરો ફાળો છે. એ પૈકી સુરતનું નજરાણું ગણાતાં એવાં સ્થાનો છે, જેની પોતાની ઓળખ છે. જેમ કે, શહેરમાં દાખલ થાઓ તો સ્મીમેર હોસ્પિટલ, સરદાર માર્કેટ, અપીએમસી માર્કેટ, ન્યૂ ટેક્સટાઈટલ માર્કેટથી માંડીને શહેરના છેવાડે આવેલું પણ સૌથી પ્રેસ્ટિજિઅસ ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર શહેરની ઓળખ ઊભી કરનારા આ બાંધકામ પાછળ લાંબાગાળાનું વિઝન જોવાયું છે અને એ વિઝન પહેલુંવહેલું જોયું હતું. સિધ્ધિ કન્સ્ટ્રકશને સિદ્ધિ કન્સ્ટ્રકશનનો પાયો ઘડયો છે બે ભાઈઓએ શ્રી પ્રશાંત દંડવતે અને શ્રી સાગર દંડવતે તેમણે કરેલી પાયાની મહેનતે આજે શહેરમાં આટઆટલી પ્રેસ્ટિજિઅસ ઈમારતો ઊભી થઈ છે. દંડવતે ભાઈઓ મૂળ તો મહારાષ્ટ્રના, પણ ૧૯૭૮ માં તેમના પિતા સુરત આવ્યા બાદ તેમણે પણ મહારાષ્ટ્રના અહમદનગરમાં ભણતર પૂરું કર્યા બાદ સુરતને જ કર્મભૂમિ બનાવી. ૧૯૭૮ માં તેમણે સિધ્ધિ કોન્ટ્રાકટીંગનો વ્યવસાય શરૂ કર્યા બાદ હવે વીત્યાં ત્રીસ વર્ષોથી તેમણે શહેરને સતત નવા કન્સ્ટ્રક્શન આપ્યા છે, શહેરની ઓળખ બદલી છે.

એમની સફળતા એમના ટીમવર્કને આભારી છે. તેમની ટેક્નિકલ એક્સપર્ટ ટીમમાં સિવિલ એન્જિનિયરો, ડિઝાઈન એન્જિનિયરો, પ્રોજેક્ટ એન્જિનિયરો તો છે સાથે ટેકિનશિયન્સ, આર્કિટેક્ચરનો સમાવેશ થાય છે, જેઓ ભવિષ્યમાંની પેઢીને ધ્યાનમાં રાખીને સતત નવું કરે છે. આજ સુધીમાં તેમણે દોઢસોથી વધુ ઈન્ડસ્ટ્રીયલ, કોમર્શિયલ અને ઈન્સ્ટીટ્યુશન પ્રોજેક્ટસ પૂર્ણ કરી પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. બાંધકામ ઉપરાંત ઈન્ફ્રાસ્ટ્રકચર કોન્ટ્રાકટીંગ, લેન્ડ ડેવલપમેન્ટ, વિન્ડ એનર્જી બિઝનેશ, એગ્રીકલ્ચર અને ફાર્મિંગ ક્ષેત્રે પણ તેઓ કાર્યરત છે.

શહેરના સફળ આન્ત્રપ્રેન્યોર્સ તરીકે દંડવતે બંધુઓએ ગ્રાહકને ઈશ્વર સમજ્યો છે. ગ્રાહકની નાનામાં નાની જરૂરિયાતોનું ધ્યાન રાખ્યું છે. સાથે પર્યાવરણનું ધ્યાન પણ રાખ્યું છે. ડેવલપમેન્ટ કામમાં તેમણે અહીંના સમાજને જોડયો છે. સમયની કટિબધ્ધતા સાથે કામમાં પરફેક્શન તેમનું મુખ્ય સૂત્ર છે. એટલે જ આજે એમના પ્રેસ્ટિજિયસ ક્લાયન્ટ્સમાં -રિલાયન્સ એનર્જી લિમિટેડ, એસ્સાર સ્ટીલ લિમિટેડ, સુઝલોન એનર્જી લિમિટેડ, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ, ટોરેન્ટ પાવર લિમિટેડ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સુગર મિલ્સ, દહાણુ થર્મલ પાવર સ્ટેશન, નર્મદા સુગર ફેક્ટરી વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પણ સિલ્કમિલ્સ, ડોર્ફ કેટલ કેટાલિસ્ટ, એસએનએસ ગ્રુપ, રચના કોર્પોરેશન તથા હાલમાં સુરતની શાન સમું ગણાતું અહીંનું ટોલેસ્ટ બિલ્ડિંગ, જે શ્યામ બાબા મંદિર વેસુ નજીક બંધાઈ રહ્યું છે, તે આકાશ ગ્રુપ સાથે પણ તેઓ કામ કરી રહ્યા છે. શહેરના ઘણા જાણીતા મોટા બિલ્ડર્સ સાથે તેઓ કામ કરી અહીંની એટલે કે શહેરની નવી ઓળખ ઊભી કરી રહ્યા છે. સાથે ડુંભાલમાં પીપીટી ધોરણે ટેનામેન્ટના રિડેવલપમેન્ટનો પ્રોજેક્ટ પણ હાથ ધર્યો છે.

વધુ જાણવા QR સ્કેન કરો



In simplest terms,a leader is one who knows where he wants to go,and gets up and goes. - John Erskine